શિક્ષણ, સંગઠનથી સશક્તિકરણ તરફ
લોકજીવનમાં પરિવર્તન લાવવા સંસ્થાની પહેલ...

# દૃષ્ટિકોણ Perspective

૨૦૧૦ અંક: ૪ /વર્ષ: ૦૧

ફક્ત અંગત વિતરણ માટે, જનહિતાર્થે, સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી દ્વારા પ્રકાશિત

**સંગઠન વિશેષાંક**

**અનુક્રમણિકા**

૧. સંપાદકીય...................... ૧
૨. જનસંગઠનઃ સમયની માંગ........ ૩
૩. સંગઠન રચવાના પાંચ પગલાં..... ૪
૪. અમદાવાદ શહેરી જનસંગઠનની
લોકજૂથ પાંખ................ ૫
મહિલા પાંખ................ ૮
યુવા પાંખ..................૧૦
કિશોર પાંખ................૧૩

**પરામર્શક**
રાજુ દીપ્તી, સાયમન પરમાર

**સંપાદક**
ફા. પોલ ડિસોઝા

**સંપાદકીય મંડળ**
ઉષ્મા ખરે, અનિલ ક્રિસ્ટી,
જોસેફ મેકવાન, પુષ્પા પરમાર

**પ્રકાશક**
ડાયરેક્ટર,
સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી

**લેઆઉટ તથા પ્રિન્ટીંગ**
મનીષ કોરી અને કનૈયા કોષ્ટિ

## સંપાદકીય

### સંગઠનથી શાંતિ

"માનવતાના પાયા ઉપર રચાયેલા ન્યાયી સમાજની સ્થાપના જ્યાં શાંતિ પ્રવર્તમાન હોય" એ સંસ્થાનું ધ્યેય છે. શાંતિ એ માત્ર યુદ્ધ વગરની પરિસ્થિતિ નથી, પરંતુ શાંતિ એ માનવીના રોજબરોજના અસ્તિત્વ સાથે સંકળાયેલી એવી પરિસ્થિતિ છે જ્યાં સામાજિક ન્યાય પ્રવર્તમાન હોય, સમાજના દરેક સ્તરની વ્યક્તિના અધિકારોનો સ્વીકાર થાય, તેમજ દરેક વ્યક્તિ માટે આર્થિક અને સામાજિક સલામતી હકીકત બને. છેલ્લા ત્રણ દાયકાથી પણ વધારે સમયથી સેન્ટ ઝેવિયર્સ સોશીયલ સર્વિસ સોસાયટી તેના ધ્યેયની પ્રાપ્તિ માટે અમદાવાદ શહેરના સ્લમવિસ્તારોમાં કાર્યશીલ છે. વર્ષોથી કરવામાં આવતા આ કાર્યને આગળ ધપાવતાં ૧૯૯૯માં, જાન્યુઆરી ૩૦ ગાંધીનિર્વાણ દિનના રોજ "શાંતિ" એકમની સ્થાપના કરવામાં આવી. આ એકમ સંસ્થાની ન્યાય, શાંતિ અને કોમી સંવાદિતાની દિશામાં એક અનોખી પહેલ છે. જાન્યુઆરી ૩૦, ૨૦૧૦ના રોજ "શાંતિ" એકમની સ્થાપનાનાં ૧૧ વર્ષ પૂરાં થાય છે. ત્યારે સંસ્થા લોકજીવનમાં શાંતિની સ્થાપના માટે એક ડગલું આગળ વધતા લોકસશક્તિકરણ માટે 'અમદાવાદ શહેરી જનસંગઠન'ની નવી પહેલ કરે છે.

લોકોને ઘણા સંઘર્ષો, આફતો, સામાજિક અને આર્થિક પ્રશ્નોનો સામનો કરવો પડે છે. આ લોકો એવો શાંતિપૂર્ણ સમાજ ઈચ્છે છે જયાં દરેક માનવી ગૌરવ અને સ્વમાનભેર જીવન જીવી શકે અને માનસિક, શારીરિક, સામાજિક અને આર્થિક શાંતિ અનુભવી શકે. શાંતિ લોકોના અસ્તિત્વ સાથે સંકળાયેલી છે, વણાયેલી છે. શાંતિનો સંબંધ રોજબરોજની વાસ્તવિકતા સાથે છે. શાંતિની સાચી ઓળખ જીવનસંઘર્ષમાં સમાયેલી છે. જીવનસંઘર્ષની વાત કરીએ ત્યારે માનવઅધિકારની વાત આવે છે, શાંતિ ન્યાય સાથે સંકળાય છે, શાંતિ જીવનજરૂરિયાતો સાથે સંબધ ધરાવે છે, અને શાંતિ આર્થિક સલામતી, કૌટુંબિક પરિસ્થિતિ, તેમજ એક બીજાના સંબંધ સાથે તાણાવાણા ધરાવે છે. આ ઉપરાંત શાંતિ આંતરિક, વ્યક્તિગત જીવનના વળાંકો અને ઉતારચઢાવમાં નજરે પડે છે. શાંતિ એટલે સમાજના દરેક સ્તરે નાગરિકોના અધિકારોનું જતન થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ. અધિકારો દરેક વ્યક્તિ પાસે છે પરંતુ સમાજમાં બીજા લોકો દ્વારા આ અધિકારોનું હનન થાય છે. આ અધિકારોના

હનનને રોકવા માટે તેમજ દરેક વ્યક્તિના અધિકારોને માન્યતા પ્રાપ્ત કરાવવા માટે તેઓએ જાતે પ્રયત્નો કરવા જરૂરી છે.

શાંતિનિર્માણની દિશામાં જો સમાજને લઈ જવો હશે તો લોકભાગીદારી અને લોકલડત અનિવાર્ય છે. આ લોકભાગીદારી અને લોકલડત શક્ય બને છે લોકસંગઠનો દ્વારા. લોકો સંગઠિત થઈને, એકત્રિત થઈને જો પોતાના પ્રશ્નોના નિરાકરણ માટે પહેલ કરે અને સંઘર્ષ કરવા માટે તૈયાર થાય તો નક્કરપણે એવા સમાજની રચના થઈ શકે જ્યાં સાચા અર્થમાં શાંતિ પ્રવર્તમાન હોય. સંગઠન એ માત્ર એક્તા નથી પરંતુ સામુદાયિક તાકાત છે. લોકો પાસે શક્તિ છે, ક્ષમતા છે, પરંતુ અભાવ છે સંગઠનનો, એક્તાનો.

આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને સંસ્થાએ લોકોને સંગઠિત કરવાના પ્રયાસો કર્યા છે. સંસ્થાનું ધ્યેય છે કે સંસ્થાના કાર્યવિસ્તારમાં લોકસંગઠનો ઊભાં કરવાં જેથી તેઓ પોતાના પ્રશ્નોના ઉકેલ માટે કાર્યરત થાય તેમજ સમય જતાં તેમની આર્થિક સ્થિતિ, શિક્ષણ, આરોગ્ય, કોમી એક્તા અને પર્યાવરણનું સ્તર સુધરે. એ માટેના સંગઠનોનું સંચાલન તેઓ જાતે કરે. આ પ્રયાસોના પરિણામે આજે સંસ્થાનાં જુદાં જુદાં કાર્યક્ષેત્રોમાં લગભગ પચાસથી વધારે નાનામોટાં જૂથો કાર્યરત થયાં છે.

**અમદાવાદ શહેરી જનસંગઠન**

સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી સાથે જોડાયેલાં યુવામંડળો, લોકજૂથો, મહિલા સ્વસહાય જૂથો, વાલીમંડળના સભ્યો, સ્થાનિક લોકનેતાઓ આ બાબતોથી વાકેફ છે અને તેથી જ સૌ પોતપોતાની રીતે મધ્યવર્તી જૂથોની રચનાની દિશામાં આગળ વધવાની સાથે વિસ્તાર, લક્ષ્યજૂથ કે વિશિષ્ટ સમસ્યા પૂરતા સીમિત રહેવાને બદલે શહેરી ક્ષેત્રે એક અસરકારક - પ્રભાવી સંગઠન રચવા માંગે છે. જેને તેઓ 'અમદાવાદ શહેરી જનસંગઠન' તરીકે ઓળખે છે. તેઓ માને છે કે આમ કરવાથી એક




અમદાવાદ શહેરી જનસંગઠન- માળખું અને વ્યવસ્થા

સામૂહિક તાકાતનું નિર્માણ થશે. પ્રશ્નોને પડકારી તેનું તકમાં રૂપાંતર કરવાનું કૌશલ્ય તેઓ કેળવશે, તો જે જરૂરી છે તે શક્ય બનશે.

સમાજના તકવંચિત અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના સશક્તિકરણ માટેનું પોતાનું સંગઠન એટલે અમદાવાદ શહેરી જનસંગઠન જે શહેરી સ્તરે કાર્ય કરતું 'જુદાં જુદાં' લોકસંગઠનોનું ફેડરેશન- સંઘ છે. આ સંઘના પાયાના સ્તરે દરેક વિસ્તારનાં લોકજૂથો છે. સમાજના જુદાં-જુદાં ઘટકોનાં મંડળો શહેરી સ્તરનું સ્વરૂપ લઈ શકશે. દા.ત., યુવાપરિષદ, મહિલાપરિષદ, લોકહિત સમિતિ અને કિશોરમંડળ; આ સંઘને ચાર મુખ્ય પાંખોથી મજબૂત કરાશે. સંઘ માટે સભ્યપદ મેળવવું જરૂરી છે. સભ્યપદ જેટલું સર્વસમાવેશી હશે તેટલું સંગઠન સર્વવ્યાપી હશે. અને સભ્યપદ જેટલું વધારે હશે તેટલું સંગઠન સશક્ત હશે.

સંગઠનમાં સભ્યપદ વધારવા માટે દરેક વિસ્તારમાં સંગઠન વિશેની જાગૃતિ વધારવી જરૂરી છે. સામાજિક જાગૃતિ તાલીમ કાર્યક્રમોમાં એક્તા અને સહકાર જેવાં મૂલ્યો દ્વારા ઊભી કરવામાં આવશે. સભ્યપદ માટે ઈચ્છા ધરાવતી દરેક વ્યક્તિ સભ્યફાળો આપી પોતાનું સભ્યપદ નોંધાવી શકે છે. સભ્યોનો આ પ્રતીક ફાળો સંઘના કાયમી ભંડોળમાં વધારો કરશે અને સંઘને ટકાઉ સ્વરૂપ આપી શકશે.

અમદાવાદ શહેરી જનસંગઠનમાં જોડાયેલા સભ્યોને સંઘ ઘણી રીતે ઉપયોગી થશે.

૧. સંઘ તેમના કાયદાકીય અધિકારો અને ન્યાય માટેનું પીઠબળ બનશે;
૨. તેઓને જ્ઞાતિ- જાતિમાં વિભાજિત કરનારાં સ્થાપિત હિતો સામે રક્ષણાત્મક કવચ પૂરું પાડશે;
૩. સરકારી સ્રોતો ઉપરનો ન્યાયી અધિકાર પ્રસ્થાપિત કરવા માટે દબાણજૂથ તરીકે કામ કરશે;
૪. સભ્યોની ધીરાણ, આરોગ્ય, શિક્ષણ જેવી પાયાની જરૂરિયાત પૂરી પડી શકે તેવી વ્યવસ્થા ઊભી કરશે;
૫. સભ્યોની બીજી વ્યક્તિગત કે સામુદાયિક જરૂરિયાતો પૂરી પાડવા માટે યોગદાન આપશે.

આ અંકને તમે સંસ્થાની વેબસાઈટ પરથી મેળવી શકશો.
http://sxsss.org/resources/resources-magazines.htm



**લોકતાંત્રિક સમાજવ્યવસ્થા અને મધ્યવર્તી જૂથો :**

લોકતંત્ર એક જીવનપદ્ધતિ છે અને સમાનતા, ન્યાય અને બંધુતા દ્વારા એક નવો સમાજ રચવાનું તેનું ધ્યેય છે. અને તેથી જ લોકતાંત્રિક સમાજવ્યવસ્થામાં સામાન્યજનને પણ આશાનું એક કિરણ દેખાય છે. પરંતુ આજ પ્રતિનિધિક લોકશાહીમાં એ એક દિવાસ્વપ્ન બની ગયું છે. રાજયશાસ્ત્રીઓએ આ માટે લોકસમૂહોની સક્રિય ભાગીદારીવાળી લોકતાંત્રિક સમાજવ્યવસ્થા સૂચવી છે. અને તે માટે મતદાતામંડળ, ઝૂંપડાવાસી એકતા સમિતિ, વિસ્તાર વિકાસ મંડળ, લોકસમિતિ જેવાં મધ્યવર્તી જૂથોની રચના માટેની આવશ્યકતા જોઈ છે.

બીજી તરફ વિવિધ સ્થાપિત હિતોએ આવાં મધ્યવર્તી જૂથોની રચના કરી તેનો ભરપૂર લાભ ઉઠાવ્યો છે. પોતાનાં હિતોનું રક્ષણ કરવા અને પરિસ્થિતિનો લાભ ઉઠાવી વિકસવાની બાબતમાં જે તે હિતધારકોની સંમતિ હોવાથી આ શક્ય બન્યું છે. લોકજૂથો આ દિશામાં મહત્વની સિદ્ધિ કેમ મેળવી શક્યા નથી તે રાજયશાસ્ત્રીઓ માટે ચિંતા અને ચિંતનનો વિષય છે.

**શહેરી વિકાસપ્રક્રિયાની મુખ્ય ધારાઓ**

શહેરી વિકાસની પ્રક્રિયા તરફ દષ્ટિપાત કરીએ તો ત્યાં બે ધારાઓનું મિલન થતું દેખાય છે. જેઓ પરંપરાથી મૂડી, જ્ઞાન-વિજ્ઞાન, કૌશલ્ય કે અન્ય કોઈ પ્રકારે સમાજમાં સુપેરે પ્રસ્થાપિત થયેલા છે. તેમને ત્યાં વિકાસની વિશાળ તકો દેખાય છે. અને તેથી તેઓ શહેરી વિકાસને સહયોગ આપી તેનો મહત્તમ લાભ મેળવે છે. આમ તેઓનું પોતાના મૂળ સ્થાનેથી થતું વિસ્થાપન કે નવા સ્થળે થતું પુનઃસ્થાપન રાજીખુશીથી, સ્વમરજીથી નવાં શિખરો સર કરવાના ઉદ્દેશ્યથી થતું હોય છે. બીજી તરફ ધરતીની ધારણશક્તિ મર્યાદિત હોવાથી, પરંપરાગત ધંધો રોજગાર પડી ભાંગવાથી, જ્ઞાન-કૌશલ્યમાં કચાશ હોવાથી શહેરમાં અસ્તિત્વ ટકાવી રાખવા કોઈ ને કોઈ કામ શોધી લઈશું તેમ માની નાછૂટકે, અનિચ્છાથી વતનને ઝાઝા જુહાર કરી આવનારાં શહેરી ગરીબો છે. આ બંને ધારાઓ એક-બીજાની પૂરક હોવા છતાં એક ધારા સત્તા, સંપત્તિ, પદ-પ્રતિષ્ઠા, સુખોપભોગ મેળવી મજબૂત થતી જાય છે. તો બીજી ધારા અતિશ્રમ, અત્યંત મર્યાદિત પ્રાથમિક-મૂળભૂત સુવિધાઓ કે સેવાઓમાં જીવતી અને સંખ્યાની દષ્ટિએ બળવત્તર થતી જતી દેખાય છે. શહેરી વસ્તીમાં ગરીબોનું પ્રમાણ વધતુ રહ્યું છે તે એક વાસ્તવિકતા છે.

લોકતંત્રમાં સંખ્યા એક બળ ગણી શકાય પરંતુ તે અસરકારક કેમ બની શકતું નથી તેનાં કેટલાંક કારણો પરિસ્થિતિજન્ય છે, કેટલાંક સામાજિક માળખામાં પડેલાં છે તો કેટલાંક માનસિક વલણ સાથે જોડાયેલાં છે.

**શહેરી ગરીબોના વિકાસમાં અવરોધક પરિબળો**

શહેરી ગરીબો વખાના માર્યા આવ્યા હોવાથી એક તો પહેલેથી જ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે યોગ્ય જગ્યાએ ઝટ ગોઠવાઈ જવા માટે પોતાના શ્રમનું જે કંઈ મૂલ્ય ઉપજે તે સ્વીકારી લે છે. શહેરોના સ્પર્ધાત્મક વાતાવરણમાં તેમને તક નહી મળે તો? તેવો ભય અનુભવાય છે. ગ્રામ્ય વિસ્તારમાં પહેલેથી જ ઓછી વસ્તુઓથી ચલાવી લેવાની તેમને ટેવ પડી ગઈ હોય છે. અને તેથી ઓછી જગ્યામાં, લાઈટ- પાણી ગટરવ્યવસ્થા શૌચાલય જેવી માળખાકીય સુવિધા ન મળતી હોવા છતાં પરિસ્થિતિ સાથે તેઓ સમાધાન કરી લે છે. તે જ રીતે શિક્ષણ, આરોગ્ય, જાહેર વિતરણવ્યવસ્થા જેવી પાયાની સેવાઓ ન મળે તો પણ તેનો હરખ-શોક તેઓ કરતા નથી.

તેઓ શહેરમાં ઠલવાતા હોય છે ત્યારે કોઈ ને કોઈ ત્યાં પહેલેથી આવેલું હોય છે. અને કાયદેસર કે દબાણ કરેલી જગ્યામાં રહેતું હોય છે. તેઓ પોતે હજી માંડ ગોઠવાયા હોય ત્યાં તેમની સુવિધા, ધંધો રોજગારમાં ભાગ પડાવવા આ વણનોતર્યા મહેમાનો વળી કયાં આવ્યા તેમ તેઓ અનુભવતા હોય છે. પરંતુ વખના માર્યા આવેલા સમદુઃખીયા હોવાથી કચવાતા મને તેમને સ્વીકારે છે. બીજી તરફ અન્ય લોકો કઈ જ્ઞાતિ, જાતિ, પંથ સંપ્રદાય, ધર્મ વિચારસરણી, માન્યતા, ભાષા, જીવનશૈલી ધરાવતા હશે તેનો પણ વિચાર ઉભય પક્ષે થતો હોવાથી એક બીજા પ્રત્યે તેઓ સાશંક હોય છે. વંશીય ઓળખ, સામંતવાદી વિચારધારા, માણસ માત્રમાં પડેલ ન બદલાવાની વૃત્તિ, સ્થાપિત હિતોનું વર્ચસ્વ, અસ્તિત્વ ટકાવી રાખવાનો સંઘર્ષ, અજાણ્યા લોકો, અજાણ્યો પ્રદેશ, અજાણી પરિસ્થિતિ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી રાખનારા લોકોની સતત શંકાશીલ નજર તથા તેમના તરફથી ભય; આવાં તો કેટલાંય પરિબળો છે જે તેમને એક થવા દેતાં નથી. સૌનું થશે તે વહુનું થશે તેમ માનનારાઓ સૌના ભલામાં આપણું ભલું સમાયેલું છે માટે સમદુઃખીયા શ્રમિકો સૌ એક થાય તો તેમણે ગરીબી અને યાતના ભરેલી સ્થિતિ સિવાય અન્ય કશું ગુમાવવાનું નથી તે વાત માનસિક રીતે સ્વીકારી શકતા નથી. તેઓ સંગઠીત થશે તો વધુ સવલતો, હક્કો, રોજગારી માગશે માટે સ્થાપિત હિતો પણ ધર્મ રાજકારણ સંકુચિત માન્યતાઓની મદદથી તેમને વિભાજિત રાખે છે.

## સંગઠન રચવાનાં પાંચ પગલાં

સામાન્ય જન અલ્પ સંતુષ્ટ રહી પરિસ્થિતિનો સ્વીકાર કરી જીવવામાં માને છે કારણ કે પોતાની જાતને વધારે ખેંચવામાં જે કિંમત ચૂકવવી પડે છે તે તેને વધારે લાગે છે. તેનાથી તેનું કૌટુંબિક, સામાજિક જીવન, સુખચેન છિન્નભિન્ન થઈ જવાનો તેને ભય છે. પરંતુ જો તેના જીવનમાં રસ લઈ કોઈ તેમને વધારે સારી માળખાકીય સુવિધાઓ કે મૂળભૂત સેવાઓ મળી શકે તેમ છે તેવી માહિતી આપે, રસ્તો બતાવે, હૂંફ કે ટેકો આપે તો અમાનવીય, શોષણ અને અન્યાય આધારિત વ્યવસ્થાને પડકારવા તેઓ કટિબદ્ધ બને છે.

**૧) જાણકારીઃ** માહિતી એક શક્તિ છે. આપણી પાસે શું નથી જે આપણે મેળવવા હક્કદાર છીએ અને આપણી પાસે કઈ સંભાવનાઓ વણવપરાયેલી પડી છે તેની માહિતી લોકોને મળે તો તેમને પ્રતીતિ થવા માંડે છે કે આપણી પાસે જે શક્તિ (સંખ્યાબળ, ન્યાયોચિત અધિકાર વગેરે) છે તેના વડે જે નથી તે મેળવી શકીએ. લોકાત્માને ઢંઢોળીને જગાડવા માટે જાગૃતિકાર્યક્રમો એ દૃષ્ટિએ ખૂબ મહત્વના છે.

**૨) સમજઃ** કોઈપણ પ્રશ્નના સમાધાનની દિશામાં સક્રિય થવા માટે સૌ પ્રથમ પ્રશ્નની ઓળખ જરૂરી છે. પ્રશ્ન છે, પ્રશ્નનું કારણ છે. પ્રશ્ન ઉકેલવાના રસ્તા છે. તેમાં મુશ્કેલી અને તકો છે. પ્રશ્ન ઉકેલી શકાય છે. આવી સમજ વિકસે તે બીજો તબક્કો છે.

**૩) જાગૃતિઃ** પ્રારંભમાં આવી સમજ કેટલાક જાગૃત, સંવેદનશીલ, કાંઈક કરી છૂટવાની ભાવનાવાળા, આશાવાદી લોકોમાં પ્રગટે છે જેનો ચેતોવિસ્તાર થવો ઘટે. આથી જાગૃતિકાર્યક્રમો દ્વારા ક્ષમતાવિકાસ કરવાના ઉદ્દેશ્યથી વધુમાં વધુ લોકો સુધી આ સમજ પહોંચવી જોઈએ.

**૪) સંગઠનઃ** સમજણની સાખ પડે - લોકોમાં તે આત્મસાત્ થતી જાય તે વખતે સ્થાનિક ગતિશીલ નેતૃત્વ આગળ આવીને તેને અંકે કરવા માટે, તેને કાર્યરત બનાવવા માટે યોજકની ભૂમિકા નિભાવે તે જરૂરી છે. આમ થવાથી સંગઠનાત્મક રીતે લોકો પોતાની સમજણને જીવવા, સાકાર કરવા પ્રવૃત્ત થશે. આમ સંગઠન એ ચોથું પગલું છે.

**૫) સંઘર્ષઃ** ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમો આપતાં કહેલું કે પોતાની અપેક્ષા પ્રમાણેનું આદર્શ જીવન જીવવા મથતા સમાજને આંતરિક અને બાહ્ય એમ બંને પ્રકારના અવરોધનો સામનો કરવો પડે છે. પહેલાં પોતાની જાત સાથે સંઘર્ષ અને પછી બાહ્ય પરિસ્થિતિને પલટવાનો સંઘર્ષ. આ સંઘર્ષ એક તરફથી શિસ્ત અને સ્વશાસન તરફ લઈ જાય છે તો બીજી તરફ અન્યાય અને શોષણનો પ્રતિકાર કરવાની પ્રતિબદ્ધતા આપે છે.

છેલ્લા દાયકાથી અમદાવાદ શહેરમાં વિકાસનાં કાર્યોએ વેગ પકડયો છે. મેગાસીટીનો દરજ્જો મળતાં જ વિકાસનાં વિવિધ પ્રોજેક્ટો શરૂ થયા અને તેનો ભોગ શહેરના વંચિતો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો બન્યા. આ વિકાસ અને તેની પ્રક્રિયામાં તેમની નહિવત ભાગીદારી નોંધાઈ. વિકાસના નામે અનેક પ્રકારે તેમને તેમનાં ઘરો અને વિસ્તારોમાંથી વિસ્થાપિત કરવામાં આવ્યા. આ દેશના નાગરિક તરીકેના તેમના અધિકારોનો સ્વીકાર નથી થયો. દેશ અને રાજ્ય દ્વારા તેમની સાથે માનવી તરીકેનો વ્યવ્હાર કરવામાં આવતો નથી. આ વિસ્તારોમાં ન તો પાણીની સુવિધા છે, ન તો રસ્તાઓની. રોજગારી માટે દૂરના વિસ્તારો સુધી જતા આ લોકોને પૂરતી રોજગારી નથી મળતી. તેમના બાળકોનો શિક્ષણનો અધિકાર છીનવાઈ રહયો છે.

માનવી તરીકે સ્વમાનભેર જીવન જીવવું એ તેમનો અધિકાર છે, અને આ અધિકારનો સ્વીકાર શહેરમાં થાય તે માટે આ લોકોના હિતની રક્ષા માટે અમદાવાદ સ્તરે અમદાવાદ હિતરક્ષક સમિતિનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં શહેરના વિવિધ વિસ્તારોનાં લોકજૂથો સભ્યો છે. આ ઉપરાંત અમદાવાદના વંચિત વિસ્તારોમાં લોકજૂથોની રચના કરવામાં આવી છે. આ લોકજૂથો જે-તે વિસ્તારોના પ્રશ્નોના નિરાકરણ અંગે કાર્યરત છે.

અમદાવાદ શહેરમાં વિકાસના નામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અનેક વંચિત વિસ્તારોમાંથી કોઈ પણ પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થા આપ્યા સિવાય તેમાં વસતા લોકોને તગેડી મૂકવામાં આવ્યા છે. અમુક વિસ્તારોમાં જ્યાં તેઓ સંગઠિત થયા ત્યાં સંગઠનની શક્તિએ તેમના અધિકારોની લડતને શક્ય બનાવી. આ લડતના પરિણામે સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેક્ટ અને ટાઉન પ્લાનીંગ સ્કીમ હેઠળ કિનારાના વિસ્તારો અને નારણપુરાના ભગીરથના છાપરામાં કોર્ટ કાર્યવાહી થઈ અને તેઓને વૈકલ્પિક વ્યવસ્થા મળી શકી. સામૂહિક શક્તિના પરિણામે વસ્ત્રાપુર અને જૂના વાડજ વિસ્તારમાં સરકાર સામે રજૂઆત અને આવેદન આપવામાં આવ્યું અને આ વિસ્તારોનાં ઘરોને તોડી નાખવાની પ્રક્રિયાને રોકી દેવામાં આવી.

આજે અમદાવાદના ગરીબો અને વંચિતોને નડતી મુખ્ય સમસ્યા છે- મોંઘવારી. સાંપ્રત પરિસ્થિતિમાં સરકારની અમીરલક્ષી નીતિના કારણે, ખાદ્ય વસ્તુઓ અને બીજી જીવનજરૂરી વસ્તુઓના ભાવો વધી ગયા છે. અને ગરીબો માટે અસ્તિત્વ ટકાવી રાખવું અઘરૂં બન્યું છે. સસ્તા અનાજની દુકાનોમાં થતી ગેરરીતિ, સંગ્રહખોરી અને દાદાગીરીથી તેમનો અન્નનો અધિકાર છીનવાઈ રહ્યો છે. આના પગલાંરૂપે હિતરક્ષક સમિતિ દ્વારા અમદાવાદ શહેરની અન્ન અને પૂરવઠા તંત્રની કચેરીમાં જઈને રજૂઆત કરવામાં આવી અને તમામ રેશનકાર્ડ ધારકોને સરકારના ધારાધોરણ મુજબ અનાજ અને કેરોસીન આપવા માંગણી કરવામાં આવી. નાયબ નિયંત્રક દ્વારા હકારાત્મક પ્રતિસાદ મળ્યો અને કચેરીમાંથી સરકારી ધારાધોરણ હેઠળ વિવિધ રેશનકાર્ડ ધારકોને કેટલું અનાજ, કેટલા રૂપિયામાં મળે છે તેની યાદી આપવામાં આવી. સમિતિએ અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં આ યાદીને પહોંચતી કરી હતી. નિયમિત પ્રયત્નોથી અમદાવાદ શહેરના તમામ રેશનકાર્ડ ધારકોને સરકારી ધારાધોરણ મુજબ અનાજ મળતું થયું છે.

ઉપરોક્ત બંને સફળ પ્રયાસો દર્શાવે છે કે આજે લોકોમાં સમાજની સમસ્યાઓ હલ કરવા કટિબધ્ધતા ઊભી થઈ છે. ચિંતનબેઠકોનું આયોજન કરીને તેઓ સમસ્યાઓ વિશે વિચારતા થયા છે. આજે જ્યારે અમીરોગરીબો વચ્ચે અંતર વધતું જાય છે ત્યારે ગરીબોના અસ્તિત્વને મિટાવી દેવામાં આવશે તેવો ડર લાગે છે. બાબા સાહેબ આંબેડકરનું સૂત્ર "શિક્ષિત બનો, સંગઠીત થાવ અને સંઘર્ષ કરો" હિતરક્ષક સમિતિને પીઠબળ પૂરું પાડે છે.

આજે આ લોકજૂથો, અને શહેરના વિવિધ વિસ્તારોના પ્રતિનિધિઓની બનેલી લોકહિતરક્ષક સમિતિ એક મંચ ઉપર આવવા તત્પર બન્યાં છે. તે મંચ છે 'અમદાવાદ શહેરી જન સંગઠન'. અમદાવાદ શહેરી જનસંગઠન એ શહેરના ગરીબ વિસ્તારોમાં હયાત લોકજૂથોને એક મંચ ઉપર લાવતું ફેડરેશન છે. આશા છે કે સમય જતાં આ મંચ વંચિત લોકોને નવા સમાજની રચના તરફ દોરી જશે. અમે આશા સેવીએ છીએ અમદાવાદ શહેરમાં માનવીય અને ન્યાયી સમાજની, સ્વમાન અને સ્વતંત્રતાની, સામાજિક ન્યાય અને સામજિક ઉત્થાનની.

**કોઈપણ સંગઠનની સફળતાનો આધાર સંગઠનના સભ્યોની સક્રિય ભાગીદારી પર છે.**

## લોક અભિપ્રાય -૧

### ઊઠો... જાગો... સંગઠિત થાઓ

નરસિંહભાઈ ટપુભાઈ વઘોરા



અમદાવાદના આશ્રમરોડના છેવાડે આવેલા જૂના વાડજ વિસ્તારના સૌરાષ્ટ્ર શ્રમજીવી નગરમાં હું મારા પરિવારના ૫ સભ્યો સાથે જીવનનિર્વાહ કરી રહ્યો છું. આજે મારી ઉંમર ૫૫ વર્ષની છે. આજે જ્યારે માણસ ક્ષણિક સુખ પાછળ ભાગી રહ્યો છે, સમાજનાં શ્રમજીવી પરિવારોને ટીવી અને વ્યસનને માર્ગે ચડાવી દેવામાં આવ્યા છે, રોજ બરોજની સમસ્યાઓમાં વ્યસ્ત રાખવામાં આવી રહ્યા છે ત્યારે આજના માણસને આ વ્યસ્ત જીવનમાં પ્રશ્ન પ્રશ્ન જ નથી લાગતા. તેઓ પોતાના અધિકાર અંગે સજાગ નથી. આજે જેઓ શિક્ષિત છે, સંગઠિત છે, જાગૃત છે. તેઓ વિકાસનાં ફળો ચાખી રહ્યા છે, અને સ્વમાન અને સન્માનભરી જીંદગી વિતાવી રહ્યા છે.

આજે સરકારની નીતિઓ પણ અમીરલક્ષી છે. સરકારી યોજનાઓ લોકોને એક દિવસ કે અઠવાડિયા માટે સહાય મળે તે પ્રકારની છે પરંતુ લોકોને મુક્તિ કે સ્વમાન મળે તેવી નથી. "યોજનાઓ"નો મોટાં બેનરો સાથે પ્રચાર કરવામાં આવી રહ્યો છે... કેમ? આજની પરિસ્થિતિ જોતા મને લાગે છે કે આ ગરીબી, લાચારભરી જીંદગી માટે સમાજ જવાબદાર છે. ગરીબો અને વંચિતો કુરિવાજો, અંધશ્રદ્ધાઓ, વ્યસનો જેવા વિકાસને અવરોધતાં પરિબળોમાં ફસાયા છે. પણ મને આશા છે કે આજે જો આપણે શિક્ષિત બનીશુ, સંગઠિત થઈશું તો સ્વમાન મેળવી શકીશું.

બનાસકાંઠાના ડીસાના ઘાડા ગામમાં દલિત યુવાનની હત્યાની દુઃખદ ઘટના બની અને ત્યાંના સ્થાનિક રહેવાસીઓ હિજરત કરીને ડીસા ખાતે પોતાના પરિવારો સાથે દયનીય અને લાચારીભર્યું જીવન વિતાવી રહ્યા છે. આ અસરગ્રસ્તોની મેં મુલાકાત લીધી ત્યારે આ ગરીબો, વંચિતો જે પણ આવે તેઓને પગે લાગીને ન્યાય અપાવવા મદદરૂપ થવા જણાવતા હતા. સ્થાનિક વહીવટીતંત્ર અને પોલિસતંત્ર અસરગ્રસ્તો ઉપર રૂઆબ જમાવતું હતું. ત્યારે મને લાગ્યુ કે ક્યાં છે મારો સમાજ આઝાદ? ન્યાય માટે કેમ ભીખ માંગવી પડે છે? શા માટે કોઈના ઓશિયાળા બનીને લાચારીભર્યું જીવન વ્યતીત કરવું પડે છે? અમે આ દુઃખી લોકોની વેદના લઈને ન્યાય માટે ડીસાના મામલતદાર, પોલીસતંત્ર, ગુજરાત માનવઅધિકાર પંચ (અનુસૂચિત જાતિ), ગુજરાત અનુસૂચિત જનજાતિ પંચની સમક્ષ રજૂઆત કરી હતી. પરંતુ જેમ સરકારની ગાડી ગોકળગાયગતિએ ચાલે તેમઅહિંયા પણ આ જ ઝડપ જોવા મળી. અત્યારે બાબાસાહેબ આંબેડકરના શબ્દો યાદ આવે છે, "અન્યાય કરનારા કરતાં અન્યાય સહન કરનારા વધારે દોષિત છે."

આજે આપણા શહેરમાં જોવા જઈએ તો વિવિધ વિકાસનાં કાર્યોનાં બહાના હેઠળ સરકાર પોલીસ કાફલો, વિરાટ મશીનો લઈને શહેરી ગરીબોને બેઘર કરી રહી છે. બાળકો શિક્ષણથી વંચિત રહે છે. આ છે આપણી કરૂણતા. આજનો સમય તમામ ઝૂંપડાવાસીઓ માટે, વંચિતો માટે સંગઠિત થવાનો છે. આપણે સાથે મળીને આપણા મૂળભૂત અધિકારો અંગે જાગૃત થવાનું છે. અન્યાય સામે ન્યાય માંગવાનો છે. અને એક જ ધ્યેય સાથે ... રોટી ... કપડાં ... મકાનની સુરક્ષા માટે સંગઠિત થવાનું છે.

સ્વામી વિવેકાનંદના શબ્દોમાં મારા સાથી રહેવાસીઓને હાકલ કરું છું કે 'ઊઠો ... .જાગો ... ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો...'

### દલિત અધિકાર એ જ માનવ અધિકાર

જુલાઈ .૩૦, ૨૦૦૯ના ડીસાના ઘાડા ગામના દલિત યુવાન ઉપર અત્યાચાર કરીને તેનું ખૂન કરવામાં આવ્યું. આ ઘટનાના વિરોધમાં અમદાવાદમાં અનેક સંસ્થાઓના સંકલનથી એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં અમદાવાદ શહેરી જન સંગઠનની લોકજૂથ અને યુવા પાંખોના અનેક સભ્યોએ ભાગ લઈને દલિત અધિકાર અંગે માંગણી કરી હતી.



## લોક અભિપ્રાય - ૨

### લોકજાગૃતિ એ જ સમસ્યાનો ઉકેલ

રતિલાલ ફુલાજી ઓડ



જૂના વાડજના ઓડના ટેકરામાં મારી પત્ની અને બે બાળકો સાથે હું રહું છું. મારી શૈક્ષણિક લાયકાત ધો. ૮ પાસની છે. આજે મને ૩૮ વર્ષ થયાં છે. સમાજના છેવાડાના લોકોની પિરિસ્થિતિ દિન- પ્રતિદિન કથળતી જાય છે. આજે ઓડના ટેકરાના શ્રમજીવી વિસ્તારમાં અમારાં શ્રમજીવી પરિવારો રોજ કમાય ને રોજ ખાય છે. પરંતુ તાજેતરમાં થઈ રહેલ મોંઘવારીથી અમારા શ્રમજીવી પરિવારોને આવકજાવકના બે છેડા ભેગા કરવા અશક્ય બની રહ્યા છે. આજે અમદાવાદ શહેરમાં અમીર અને ગરીબ વચ્ચેનું અંતર દિનપ્રતિદિન વધી રહ્યું છે. અમે શ્રમજીવી પરિવારો મહિને રૂ. ૨૦૦૦ માં ૭ માણસોનું ભરણપોષણ કરીએ છીએ. આ સમાજ આરોગ્ય, શિક્ષણ, સામાજિક ન્યાય તેમ જ મૂળભૂત અધિકારોથી વંચિત છે. તેના માટે હું રાજકારણીઓ અને સરકારને જવાબદાર માનું છું. સાથોસાથ થોડા અંશે હું સમાજને પણ જવાબદાર માનું છું.

અમારા જૂના વાડજ વિસ્તારમાં આવેલી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનના દુકાનદારોની બેઈમાનીએ માઝા મૂકી હતી. સરકારે નક્કી કરેલા ધારાધોરણ મુજબ અમને તેઓ કેરોસીન અને અનાજનો પૂરવઠો આપતા ન હતા. દુકાનદાર તેની દુકાન સવારે ૪.૦૦ વાગે ચાલુ કરીને કેરોસીનનું વિતરણ કરતા હતા અને આ વ્યવસ્થા પણ મહિનાના બે- ત્રણ દિવસો પૂરતી. સાથોસાથ આ માથાભારે દુકાનદારો લાચાર, નિ:સહાય અને અસંગઠિત એવી બહેનો અને ભાઈઓ ઉપર ગાળોનો વરસાદ વરસાવીને તેમને ચાલ્યા જવા જણાવતા હતા. લાચાર લોકો પણ જે મળ્યું તે લઈને સંતોષ માનતા હતા. આ બાબતની ચર્ચા દરરોજ અમારા વિસ્તારમાં ચાલતી હતી. પરંતુ કોઈ પગલાં અમે લઈ શકતાં ન હતાં.

ત્યારબાદ નવેમ્બર, ૨૦૦૯માં અમારા સંગઠન- વાડજ વિકાસ પરિષદની મિટીંગમાં અમે સસ્તા અનાજના દુકાનદારોના શોષણ, અન્યાય અને ત્રાસ સામે કોઈ નક્કર પગલાં લેવાં અંગે ચર્ચા કરી. ઉપરોક્ત મુદ્દાને લઈને વાડજમાં આવેલ દુકાનદારની દુકાને ૨૦ રેશનકાર્ડધારકો ગયા. સાથે અમારી સમિતિના સભ્યોએ દુકાનદારને ધારાધોરણ મુજબ અનાજ આપવા અને નક્કી કરેલા માપ પ્રમાણે કેરોસીન આપવા જણાવ્યું. પ્રત્યુત્તરમાં દુકાનદારે અમારા સભ્યને ન બોલવા અને શાંતિથી પુરવઠો લઈ જવા કહ્યું. ઉપરોક્ત ઘટના બાદ વિસ્તારના લોકોની એક મિટીંગ કરીને અન્ન અને પુરવઠા તંત્રની કચેરી, આશ્રમરોડ ખાતે ૧૮ સભ્યો ડિસેમ્બર માસમાં ગયા. નાયબ નિયત્રંક (અન્ન અને પુરવઠાતંત્ર) તેમની કેબીનમાં બોલાવીને રજૂઆત કરવા કહ્યું. અમારા જૂથે દુકાનદારો તરફથી થતી ગેરરીતિઓ, રેશનીંગને લગતી સમસ્યાઓ જેવી કે અપૂરતો પૂરવઠો આપવો, દુકાન અનિયમિત પણે ખોલવી, તોછડું વર્તન, ઉડાઉ જવાબ જેવી સમસ્યાઓની રજૂઆત કરી. નાયબ નિયંત્રકે સકારાત્મક જવાબ આપ્યો. તેમણે કચેરી તરફથી રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર પુરવઠાનું લિસ્ટ આપ્યું. અને જણાવ્યું કે "લોકજાગૃતિ એ જ સમસ્યાઓનો ઉકેલ લાવી શકે છે. આજે તમારું જૂથ પહેલીવાર આ કાર્ય કરી રહ્યું છે." આ પ્રક્રિયાથી અમારા સંગઠનમાં જુસ્સો અને જોમ પ્રગટ્યાં અને અમે આપેલા લિસ્ટની ૧૦૦ ઝેરોક્ષ કઢાવીને અમદાવાદ શહેરના વિવિધ પ્રતિનિધિઓને આપીને તેમને પોતાના અધિકાર માટે જાગૃત થવા જણાવ્યું. અમારા વિસ્તારના લોકો દુકાને લિસ્ટ લઈ જઈને મળવાપાત્ર અનાજ અને કેરોસીનની માંગણી કરવા લાગ્યા, વજનની ખાતરી કરવા લાગ્યા. અમુક દુકાનદારો સાથે સીધો સંઘર્ષ થતાં સંગઠને દરમ્યાનગીરી કરીને લોકઅધિકારથી દુકાનદારને વાકેફ કર્યાં. ત્યારે દુકાનદારોએ જણાવ્યું કે તમારે મોટી ઓફિસ (અન્ન પુરવઠાની કચેરી) એ જવાની શી જરૂર હતી, અમે તો તમારા માટે બેઠા છીએ ને?

આજ અમારાં તમામ શ્રમજીવી પરિવારોને સરકારે નક્કી કરેલ ધારાધોરણ મુજબ અનાજ અને કેરોસીન સ્વમાન સાથે મળી રહ્યું છે. ગરીબી રેખાની ઉપરનાં કુટુંબો (એપીએલ રેશનકાર્ડ ધારકો)ને આજદિન સુધી અનાજ મળતું ન હતું તે પણ આ પ્રક્રિયાથી  મળવા લાગ્યું છે. વિવિધ વિસ્તારોમાં લોકો તંત્રની સામે, દુકાનદારો સામે પ્રશ્ન ઉઠાવતા અને રજૂઆત કરતા થયા છે.

આપણને બંધારણે મૂળભૂત અધિકારો આપેલા છે. પરંતુ તેને પ્રાપ્ત કરવા જાગૃત થવું પડશે... સંગઠિત થવું પડશે. જાગો... ઝૂંપડાવાસીઓ... જાગો. વંચિતો અધિકારો  માટે, સ્વમાન માટે જાગૃત થાવ...

શહેરના ગરીબ અને પછાત વિસ્તારોની મહિલા આજે સમાજમાં બે સ્તરે સમસ્યાઓ સામે ઝઝૂમી રહી છે. એક સમસ્યા છે સમાજ સ્તરે, જ્યાં તે ગરીબી, મોંઘવારી, પ્રાથમિક સુવિધાઓનો અભાવ, નિરક્ષરતા, સામાજિક તેમજ આર્થિક શોષણ જેવી મુશ્કેલીઓનો સામનો કરી રહી છે, તો બીજી તરફ પુરુષપ્રધાન વલણના કારણે ઘરમાં તે અનેક પ્રકારની ઘરેલૂ હિંસાનો ભોગ બને છે. સમાજમાં અને ઘરમાં તેની અનેક જવાબદારીઓ છે, પરંતુ તેની પાસે નિર્ણય લેવાની સત્તા નથી.

સ્ત્રીઓના સશક્તિકરણ માટે જરૂરી છે તેની આર્થિક અને સામાજિક સ્વ-નિર્ભરતા. સ્ત્રી તરીકેના તેના દરેક અધિકારનું હનન સમાજમાં દરેક પળે થઈ રહ્યું છે. આ અન્યાય સામે તેણે અવાજ ઉઠાવવો જરૂરી છે. અને એ ત્યારે જ શક્ય બનશે જ્યારે તે સ્વનિર્ભર બનશે. તે આર્થિક અને સામાજિક રીતે સ્વનિર્ભર બને તે માટેનો એક પ્રયાસ એટલે સ્વસહાય જૂથો. શહેરના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વિસ્તારોમાં ઘણાં સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી છે. આ જૂથોમાં સભ્યસ્ત્રીઓ પોતાની બચત રોકે છે અને જરૂર પડે તેમાંથી ખૂબ ઓછા વ્યાજદરે લોન મેળવે છે. એટલે કે શાહુકારોના ઊંચા વ્યાજદરથી મુક્તિ મેળવે છે. અહીં મળતી લોનથી તે આર્થિક રીતે સદ્ધર તો બને જ છે, પણ સમાજમાં અને કુટુંબમાં માનસન્માન પણ મેળવે છે. સ્વસહાયજૂથો એ માત્ર આર્થિક સદ્ધરતાનું કેન્દ્ર ન બનતાં સ્ત્રીઓને ઘરની ચાર દીવાલોમાંથી બહાર આવવા માટે એક મંચ પણ પૂરું પાડે છે. વિવિધ જ્ઞાતિ, જાતિ અને ધર્મોની સ્ત્રીઓ અહીં બચત કરવાની સાથે એક બીજા સાથે સમાજમાં તેમને નડતા પ્રશ્નોની મુક્તપણે ચર્ચા કરે છે. આ જૂથો એક માધ્યમછે, સ્ત્રીઓને સંગઠિત થવા માટેનું. સંગઠનની શક્તિથી તેઓ આર્થિક અને સામાજિક સશક્તિકરણ તરફ જાય છે.

અમદાવાદના ખાનપુર વિસ્તારમાં ખારીવાડીમાં એક સ્વસહાય જૂથ એટલે 'આનંદ બચત મંડળ'. ૨૦૦૭માં આ મંડળે બૅંક ઓફ બરોડામાંથી નેવું હજારની લોન મેળવી. મંડળની બહેનોના કહેવા મુજબ 'અમે બધી બહેનોએ ભેગી થઈ લોન મેળવ્યા બાદ જુદા જુદા ધંધા શરૂ કર્યા. જેમાં કોઈ બહેને કિરાણાની નાની દુકાન શરૂ કરી, કોઈએ પતંગ બનાવવાનો ધંધો કર્યો, સિલાઈ મશીન, શાકભાજીની લારી, પ્યાલાબરણીનાં વાસણો વેચવાં, તો એક બહેને કુકર રીપેરીંગનો ધંધો કર્યો. અમુક બહેનના ઘરવાળા રીક્ષા ચલાવતા હોવાથી રીક્ષા ખરીદી, એક બહેને નેતર-ફર્નીચર માટે, ગેરેજ વગેરે માટે લોન મેળવી કામકાજ શરૂ કર્યાં. અમારા મંડળની તસ્લીમા બહેન તો વર્ષો પહેલાં શાહુકારને ત્યાંથી ૮ %ના દરે મકાન ખરીદવા દસ હજાર રૂપિયા વ્યાજે લાવેલી જેનુ મહિને ૮૦૦ રૂપિયા વ્યાજ ભરતી પણ તેને મંડળની લોન મળવાથી તેણે લોનના રૂપિયાથી દેવું ચૂકતે કર્યું. લોન લીધા બાદ અમને હવે કોઈ તકલીફ રહી નથી.'

માત્ર દોઢ વર્ષના ગાળામાં બૅંકને સંપૂર્ણ લોન ભરપાઈ કરીને બૅંક ઓફ બરોડામાંથી ફરીથી રૂપિયા એક લાખ નેવું હજાર (૧,૯૦,૦૦૦)ની લોન મંજૂર કરાવી. બૅંક સાથેના આ સંકલનથી મંડળની બહેનોનો આર્થિક અને સામાજિક વિકાસ શક્ય બન્યો છે.

ઓઢવના ચામુંડાનગરમાં અસામાજિક તત્ત્વો દ્વારા દારૂનો અડ્ડો ખોલવામાં આવ્યો હતો. દારૂ પીવા આવતાં તત્ત્વો દ્વારા થતી સતામણીના કારણે સ્ત્રીઓ અને યુવતીઓનું તો વિસ્તારમાં રાત્રે બહાર નીકળવાનું બંધ થઈ ગયું. વિસ્તારના સ્વસહાયજૂથની મહિલાઓની આગેવાનીથી પોલીસ સાથેના સંકલનથી આ દારૂનો અડ્ડો બંધ થયો. ચારતોડા કબ્રસ્તાનમાં ઊભરાયેલી ગટરો માટે વિસ્તારની બહેનોએ સરકાર સાથે સંકલનથી સફળતા મેળવી. જાલમપુરીની વૃદ્ધ બહેનોને વૃદ્ધાવસ્થાનું પેન્શન મેળવવામાં સહાય કરી.

સ્વસહાયજૂથો ઉપરાંત અમદાવાદના જુદા જુદા વિસ્તારોની આગેવાન સ્ત્રીઓની એક સંકલન સમિતિ અસ્તિત્વમાં આવી છે. આ સમિતિની સ્ત્રીઓ સાથે સ્વ-રોજગારીની તાલીમોનું તેમજ શૈક્ષણિક મુલાકાતોનું આયોજન કરવામાં આવે છે. આ સ્ત્રીઓ પોતે આર્થિક અને સામાજિક સશક્તિકરણ તરફ જઈ અમદાવાદની બીજી અનેક સ્ત્રીઓના સશક્તિકરણને શક્ય બનાવશે તેમજ સ્વસ્થ સમાજનિર્માણમાં પોતાનું યોગદાન આપશે. આ માટે જરૂરી છે એક સામાન્ય મંચની, જ્યાં આ વિસ્તારોની સ્ત્રીઓ સંગઠિત થઈને શહેરી સ્તરે પોતાનો અવાજ ઉઠાવે. અને આ મંચ છે- અમદાવાદ શહેરી જનસંગઠન. અમદાવાદના ગરીબ વિસ્તારની સ્ત્રીઓની બનેલી મહિલાપરિષદ એ અમદાવાદ શહેરી જન સંગઠનની એક પાંખ છે. તેઓ યોગદાન આપશે અમદાવાદ શહેરી જનસંગઠન અને એક સશક્ત સમાજના નિર્માણમાં.

## લોકસેવા માટે મહિલા આગેવાની

### મધુબેન ભીખાભાઈ પરમાર



મધુબહેન રહે છે ઓઢવના ચામુંડાનગરમાં. ઓઢવ એ અમદાવાદ શહેરના પૂર્વમાં આવેલો વિભાગ છે, જેમાં મુખ્યત્વે ત્રણ વિસ્તારોનો સમાવેશ થાય છે: ઈન્દીરાનગર-૧, ઈન્દીરાનગર-૨ અને ચામુંડાનગર. નામ દર્શાવે છે તેમચામુંડાનગરમાં ચામુંડામાતાની ભક્તિ કરનાર દેવીપૂજક અને ઠાકોર સમાજ વસે છે. આ ચામુંડાનગરમાં રચાયેલુ સ્વ-સહાયજૂથ 'જાગૃતિ' છે. મધુબહેન જાગૃતિ સ્વસહાય જૂથનાં પ્રમુખ છે, જેઓ છેલ્લાં ચાર વર્ષથી મંડળમાં પ્રમુખ તરીકેની કામગીરી સારી રીતે બજાવી રહ્યાં છે.

૪૫ વર્ષનાં મધુબહેન જાગૃતિજૂથનો પ્રશ્ન હોય કે વિસ્તારના પ્રશ્ન હોય, અંગત પ્રશ્ન હોય કે જાહેર પ્રશ્ન હોય હંમેશાં એ પ્રશ્નોમાં રસ દાખવે છે. જૂથની નિયમિત મિટીંગોનું આયોજન કરવું, આર્થિક પ્રશ્નોમાં લોનની લેવડદેવડ કરવી, મિટીંગમાં ચર્ચાઓમાં સક્રિય ભાગીદારી બતાવવી, નિયમિત બેંકમાં બચત જમા કરાવવી જેવાં કાર્યોથી લઈને વિસ્તારની બહેનો તેમજ બીજા લોકોના પ્રશ્નોમાં તેમણે હંમેશા ભાગીદારી આપી છે. ચામુંડાનગરના દારૂના અડ્ડાનો વિકટ પ્રશ્ન ઊભો થયો ત્યારે મધુબહેને વિસ્તારનાં ભાઈ-બેહનોની સાથે રહીને આ પ્રશ્નનો હલ લાવવા છેલ્લી ઘડી સુધી દારૂના અડ્ડાવાળા સામે લડત આપી. છેવટે તે બંધ કરાવવામાં સફળતા મળી.

સ્વસહાય જૂથનાં કોકિલાબહેન જ્યારે કેન્સરની ગંભીર બીમારીનો ભોગ બન્યાં ત્યારે મધુબહેને જૂથ અને વિસ્તારમાંથી લોકફાળો એકત્રિત કર્યો અને કોકિલાબહેનને આર્થિક સહાય દ્વારા સારવારમાં સહાયરૂપ બન્યાં. આજે કોકિલાબેન મૃત્યુના મુખમાંથી ઊગરીને પાછાં આવ્યાં છે. વિસ્તારમાં થતા રાષ્ટ્રીય તહેવારની ઉજવણીમાં કે લોકફાળો ઊભો કરવા જેવી પ્રવૃત્તિઓમાં સહકાર આપે છે. આ ઉપરાંત પ્રાથમિક પ્રશ્નો જેમકે ગટર, પાણી કે અન્ય સરકારી સહાય માટે તેમના નીડર સ્વભાવને કારણે સરકારી અધિકારી કે પોલીસ સાથે ન્યાયના પ્રશ્ને નિઃસંકોચ રજૂઆત અને વાર્તાલાપ કરી શકે છે. સ્વસહાય જૂથને અવિરતપણે, સરળતાથી ચલાવવામાં નેતાબહેનો તેમ જ સભ્યોને પ્રોત્સાહન અને સૂચનો પૂરાં પાડતાં રહ્યાં છે.

## પહેચાન કાર્યક્રમ

'પહેચાન' કાર્યક્રમ અંતર્ગત સંસ્થા તેમજ અમદાવાદ શહેરી જનસંગઠને 'ગુજરાત રાજ્ય અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ' સાથે સંકલન કરીને અમદાવાદ શહેરના અસંગઠિત કામદારોને ઓળખપત્ર અપાવીને તેમની પહેચાન ઊભી કરવાનું અગત્યનું કાર્ય કર્યું હતું. તેના અનુસંધાને સેન્ટ ઝેવિયર્સ લોયોલા સ્કૂલના પ્રાંગણમાં ઓક્ટોબર ૨, ૨૦૦૯ના રોજ એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શહેરના જમાલપુર, નારણપુરા, અસારવા, વાડજ, ઓઢવ અને ગોમતીપુરના ૩૦૦ જેટલા શાકભાજી વેચાણ, સીવણકામ, તેમજ બીજા છૂટક કામસાથે સંકળાયેલા અસંગઠિત કામદારોને આ ઓળખપત્રો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કામદારોએ તેમના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. આ ઉપરાંત તેઓને આ ઓળખપત્રના ફાયદાઓ તેમજ ભવિષ્યમાં તેના ઉપયોગ વિશે જાણકારી આપવામાં આવી હતી.



**એકતાથી ટકશું,**
**નહીં તો તૂટી મરશું!**

# અમદાવાદ શહેરી જનસંગઠનની યુવા પાંખ

વર્ષ ૨૦૦૧ના વસ્તી ગણતરીના અહેવાલ મુજબ ભારતની ૩૩ ટકા વસ્તી ૧૮ થી ૪૫ વર્ષના લોકોની છે. એ રીતે જોતાં ભારત વિશ્વનો સૌથી યુવાન દેશ છે! આપણી પાસે અખૂટ યુવાશક્તિ છે. જો આ યુવાપ્રવાહને યોગ્ય દિશામાં વાળવામાં આવે તો આ પ્રવાહ સમાજને બદલી શકે અને આ જ પ્રવાહ આ યુવાનોના પ્રશ્નોનો ઉકેલ લાવી તેમના જીવનમાં શાંતિ લાવી શકે. આજની પરિસ્થિતિ તરફ જોતાં વૈશ્વિકરણ અને શહેરીકરણની અસર હેઠળ યુવાવર્ગ બે ભાગમાં વહેંચાયેલો દેખાય છે. એ યુવાવર્ગ જે આ બદલાવનો લાભ લઈ શકવાની સ્થિતિમાં છે, તેઓનો વિકાસ ખૂબ સ્પષ્ટપણે દેખાય છે, તો બીજી તરફ એ યુવાવર્ગ છે, જે આ સેટેલાઈટ યુગનો ફાયદો નથી લઈ શક્યો. આ યુવાવર્ગ સમાજમાં વધારે પછાત દિશામાં ધકેલાઈ રહયો છે. તકવંચિત અને પછાત વર્ગના યુવકો તેમજ યુવતીઓ સામાજિક સશક્તિકરણના પંથે વળે અને તેઓનું આર્થિક, સામાજિક તથા શૈક્ષણિક સ્તર ઊંચુ આવે તેમજ સમાજના વિકાસમાં તેઓ પોતાનો ફાળો આપી શકે તે માટે સંસ્થાનો અભિગમ છેઃ યુવાઓનું ક્ષમતાવર્ધન કરવું અને તેઓને સંગઠન તરફ દોરી જવા.

અમદાવાદ શહેરના અલ્પવિકસિત, અસંગઠિત, અને રોજગારથી વંચિત એવા યુવાનોને યોગ્ય માર્ગદર્શન આપી તેમને શાંતિ, સંગઠન, અને સશક્તિકરણ તરફ વાળવા માટે સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વીસ સોસાયટીએ કરેલો એક આગવો પ્રયાસ એટલે 'યસ' (યુથ એમ્પાવરીંગ સોસાયટી). 'યસ' નો અભિગમપોતાના નેજા હેઠળ યુવાનોને શાંતિનો રાહ ચીંધી સમાજમાં અનેરું સ્થાન અપાવવાનો તેમજ તેઓને સામાજિક વિકાસ તરફ વાળવાના સ્વપ્નને સાકાર કરવાનો છે. શહેરીકરણ અને વૈશ્વિકરણનો ભોગ બનેલા યુવા શાંતિ તરફ એટલે કે રોજગાર, સામાજિક વિકાસ, સંગઠન, તેમજ શિક્ષણ તરફ વળે તે માટેની આ આગવી પહેલ છે.

યુવાને સંગઠિત કરવા માટેના પ્રયાસોરૂપે આજે અમદાવાદના વિવિધ વંચિત વિસ્તારોમાં અનેક યુવતી તેમજ યુવક જૂથો અસ્તિત્વમાં આવેલાં છે. આ ઉપરાંત અમદાવાદના વિવિધ વિસ્તારોના યુવાની એક સંકલન સમિતિનું નિર્માણ થઈ ચૂક્યું છે. આ એ શહેરી સ્તરની સમિતિ છે, જેના સભ્યો અમદાવાદના વિવિધ વિસ્તારોના યુવકો તેમજ યુવતીઓ છે. આ ઉપરાંત ૫૦ જેટલી યુવતીઓનુ એક જૂથ તૈયાર થઈ ચૂક્યું છે, જેઓ આર્થિક અને સામાજિક સશક્તિકરણના માર્ગે છે.

હાલમાં આ યુવાનો વિકાસ અને સશક્તિકરણના માર્ગે આગળ વધતાં, પોતાના વિસ્તારની સુવિધાઓને લગતા પ્રશ્નો, સામાજિક પ્રશ્નો, યુવાનોના પોતાના પ્રશ્નો, યુવા સંગઠનનો વિકાસ, યુવાભાગીદારી, લોક અધિકાર, લોક જાગૃતિ વગેરે માટે ભાગીદારી દર્શાવતા દેખાય છે, જે તેમની શક્તિના અદ્‌ભૂત નમૂના છે. શહેરી સામાજિક વિકાસ કેન્દ્ર તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બહાર પડાયેલા સામાન્ય પરિપત્ર મુજબ જે કુટુંબો ગરીબી રેખા નીચેનાં કુટુંબો તરીકે ગણી શકાય તેમ હોય તેઓએ પોતાનાં ફોર્મ ભરીને સરકારી કચેરીમાં જમા કરાવવાનાં હતાં. વિસ્તારોના યુવાજૂથોએ આ પડકાર ઉપાડીને તેની માહિતી તેમના વિસ્તારોમાં પહોંચતી કરી. આ ઉપરાંત અમુક વિસ્તારોમાં જ્યાં સ્થાપિત હિતોએ લોકોને ગેરમાર્ગે દોરી ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કર્યો ત્યાં જાગૃતિ ફેલાવી આ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા. યુવાજૂથોના આ પ્રયત્નોના ફળસ્વરૂપ અનેક કુટુંબો ગરીબી રેખા નીચે (બીપીએલ)ના કાર્ડ મેળવી શક્યાં.

અમદાવાદ શહેરની ચુનીલાલ જેઠાલાલની ચાલનાં ઘણાં કુટુંબો ૨૦૦૨ના કોમી રમખાણોમાં અસરગ્રસ્ત થયાં હતાં. તેમના વળતરના ચેકો આ વર્ષે સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યા. આ વિસ્તારના ઘણા કુટુંબોને આ ચેકો મળવામાં ઘણો વધારે વિલંબ થઈ રહયો હતો. વિસ્તારના યુવાજૂથોએ આ જવાબદારી લઈને યોગ્ય અધિકારીઓ સમક્ષ રજૂઆત કરી. તેના ફળસ્વરૂપ કુટુંબોને તેમના ચેકો મળ્યા.

ઉપરના પ્રયત્નોએ સાબિત કર્યું છે કે યુવા જો સંગઠિત થાય તો તેઓ સમાજમાં પોતાનું યોગદાન આપવા સક્ષમછે. અમદાવાદના આ વિવિધ વિસ્તારોના યુવાજૂથો તેમજ શહેરી સ્તરે રચાયેલી સંકલન સમિતિ તૈયાર છે એક મંચ ઉપર આવવા અને શહેરી સ્તરનું અમદાવાદ શહેરી જનસંગઠન રચવા. આ યુવાજૂથો અને સંકલન સમિતિના સભ્યો સાથે મળીને રચશે શહેરી સ્તરે યુવા પરિષદ જે અમદાવાદ શહેરી જન સંગઠનની એક પાંખ છે. અમદાવાદ શહેરના ૧૫૦૦ યુવાઓની સામુહિક તાકાતને વેગ આપી આ યુવા અમદાવાદ શહેરી જનસંગઠનના લાંબા ગાળાના સભ્યો બને તે દિશામાં લઈ જવામાં આવશે. આ યુવાજૂથો સામાજિક જનજાગૃતિના ભાગરૂપે સરકારી સુવિધાઓના અમલીકરણમાં તેમજ સ્થાપિત હિતો સામે દખલગીરી કરી લોકોને રક્ષણ પૂરું પાડી જૂથ તાકાત ઊભી કરશે. તેમજ તેમના પ્રશ્નોને વાચા આપી તેના નિરાકરણ માટે પ્રયત્નશીલ બનશે.

## લોક અભિપ્રાય - ૩

### જીવન બદલાવ

રાવળ વસંતી ગોવિંદભાઈ



મારો વિસ્તાર અમદાવાદના પૂર્વ ભાગમાં આવેલા ઓઢવમાં આવેલો છે. હું રાવળ યોગી સમાજની યુવતી છું. મારો સમાજ રૂઢિચુસ્ત અને જડતાથી ભરપૂર છે, જ્યાં યુવતીઓને બોલવાની કે આગળ આવવાની તક જ મળી રહે તેમનથી.

હું ધોરણ ૯ જ પાસ છું. મારા કુટુંબમાં મારાં માતા-પિતા, ચાર બહેનો અને બે ભાઈઓ છે. મારા પિતા મજૂરીકામ અને માતા ઘરકામ કરે છે. રૂઢિવાદી સમાજને કારણે મને આગળ ભણવાની તક મળી નહિ. છોકરીઓને બહાર ન મોકલાય એ માન્યતાથી મારી શૈક્ષણિક કારકિર્દી રુંધાઈ ગઈ હતી. ત્યાર બાદ હું સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટીના પરિચયમાં આવી. સંસ્થાના પરિચયમાં આવ્યા પહેલાં હું જાહેરમાં કે બીજા કોઈ સાથે ચર્ચા કે વાત પણ કરી શકતી નહોતી. ફક્ત ઘરની ચાર દીવાલમાં જ મારું જીવન હતું. બંગલામાં કામ માટે જતી હતી. એટલે કે કામ અને ઘર વચ્ચે જ મારૂ જીવન મર્યાદિત બની ગયું હતુ. મારી કોઈ ઓળખ કે પહેચાન નહોતી.

આજે મારી આવડત અને સંસ્થાના પરિચયથી હું આગળ આવી છું. ઓઢવમાં એક યુવતીજૂથની રચના થયેલી છે. હું તેમાં પ્રમુખ છું. વિસ્તારની બીજી યુવતીઓને હું સંગઠિત થવા માટે તેમજ યુવતીજૂથોમાં જોડાવા માટે સમજાવું છું અને માર્ગદર્શન આપું છું.

સંસ્થા દ્વારા અમારા વિસ્તારમાં આર્થિક સશક્તિકરણ કેન્દ્ર ચાલે છે, જ્યાં યુવતીઓને આર્થિક રીતે પગભર થવાની તાલીમ અપાય છે. આ ઉપરાંત યુવતીઓ સશક્ત થાય તેમજ પોતાના વિસ્તારના પ્રશ્નો અંગે વિચારતી થાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. હું એ કેન્દ્રમાં સીવણ શીખી છું. તેના પરિણામે સિલાઈક્ષેત્રે કામ કરી આર્થિક રીતે પગભર છું. કુશળતા વધતાં વિસ્તારની અન્ય યુવતીઓ મારી પાસે શીખવા માટે આવે છે. ઉપરાંત વધારે મળતા સીલાઈકામને હું અન્ય યુવતીઓ સુધી પહોંચાડી રહી છું જેથી બીજી યુવતીઓ પણ રોજગારી પ્રાપ્ત કરી રહેલ છે. આ ઉપરાંત વિસ્તારની બીજી યુવતીઓને આર્થિક સશક્તિકરણ કેન્દ્રમાં જોડાવા માટે માહિતી અને માર્ગદર્શન આપી રહી છું.

આ કેન્દ્રમાં મને સીલાઈ સિવાય ઘણું શીખવા મળ્યું છે. હું વાતચીત કરતાં, સરકારી ઓફિસોમાં પ્રશ્નોની રજૂઆત કરતાં, યુવતીઓ સમક્ષ સંગઠનનો ખ્યાલ મૂકતાં, જાહેરમાં વાર્તાલાપ કરતાં, આગેવાની લેતાં, સ્વરોજગારી માટે વેપારી સાથે વાર્તાલાપ કરતાં તેમજ હિસાબ- કિતાબ કરતાં શીખી છું.

સંસ્થાના પરિચયમાં આવ્યા બાદ મારામાં ઘણો બદલાવ આવ્યો છે. આજે વિસ્તારમાં અન્ય યુવતિઓ મારૂ માન-સન્માન જાળવે છે, તેમના પ્રશ્નોની રજૂઆત કરે છે તેમ જ સંસ્થાના કાર્ય અને સંગઠનમાં જોડાવવા માટે આકર્ષાય છે.

## લોક અભિપ્રાય - ૪

### મારી આગવી ઓળખ

પઢિયાર તરૂણ નટવરભાઈ



અમદાવાદની મધ્યે આવેલા જમાલપુરમાં આવેલો વિસ્તાર એ મહાજનનો વંડો. મહાજન વંડાના મારવાડી સરગરા સમાજનો હું યુવાન છું. મારો સમાજ એ નિરક્ષર અને શોષણપીડિત સમાજ છે. મારી ઘરની આર્થિક અને શૈક્ષણિક પરિસ્થિતિ ઘણી નબળી છે.

મને લાગે છે કે સમાજમાં કોઈપણ કામ એક વ્યક્તિથી ના થાય પણ તે મોટા સમૂહથી વધુ સારી રીતે થઈ શકે છે. યુવાના સંદર્ભમાં જોતાં સમાજના વિકાસ માટે યુવાવર્ગ એ અગત્યનું પરિબળ છે. હું જ્યારે બીજા વિસ્તારોના યુવક મંડળોના સંપર્કમાં આવ્યો ત્યારે મને પ્રેરણા મળી. તેમની સાથેના સંબંધોથી મને તેમણે કરેલા સમાજોદ્ધાર માટેનાં કાર્યો વિશે જાણ થઈ. મને પણ લાગ્યું કે હું અમારા વિસ્તારના યુવકોને સંગઠનથી સશક્તિકરણ તરફ લઈ જઈ શકું અને તેમની આગવી ઓળખ ઊભી થઈ શકે.

સંસ્થાના પરિચયમાં આવ્યા પહેલાં મારી કોઈ વ્યક્તિગત ઓળખ ન હતી. હું શિક્ષણથી ઘણો દૂર હતો. સંસ્થાના કાર્યક્રમોમાં ભાગ લેતાં, અને માહિતી મળતાં મને સમજાયું કે શિક્ષણ એ જ સમાજ અને વ્યક્તિનો વિકાસ કરી શકે છે. સંસ્થા એ રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થાન (એનઆઈઓએસ)નું એક કેન્દ્ર છે, જેના

દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા શાળાએ ગયા સિવાય આપી શકાય છે. આ કાર્યક્રમ વિશે જાણકારી મળતાં હું એનઆઈઓએસમાંની ધો.-૧૦ માટેની પરીક્ષા આપી રહ્યો છું.

અમારા વિસ્તારમાં એક યુવાજૂથની રચના થઈ છે: શ્રી જય ગણેશ મિત્ર મંડળ. આ મંડળનો હું પ્રમુખ છું. શ્રી જય ગણેશ મિત્ર મંડળનો મુખ્ય હેતુ તકવંચિત અને પછાત વર્ગના યુવાનોને સામાજિક સશક્તિકરણ તરફ વાળવાનો છે. અમારું સ્વપ્ન છે કે યુવા સમાજ માટેના કાર્યોમાં ભાગીદારી આપે તેમ જ સમાજમાં શ્રી જય ગણેશ મિત્ર મંડળની આગવી ઓળખ ઊભી થાય. એવો સમાજ કે જ્યાં દરેકને સ્વમાન, ગૌરવ, શિક્ષણ અને ન્યાય મળે તે અમારું સ્વપ્ન છે.

શ્રી જય ગણેશ મિત્ર મંડળ દ્વારા અમે મોહરમ નિમિત્તે પાણીની પરબનું આયોજન, વિસ્તાર સ્થળે ગરબામહોત્સવ તથા ગણેશમહોત્સવનું આયોજન અને સંચાલન કર્યું હતું, તેમજ સફળ આયોજકની ભૂમિકા ભજવી હતી. અમારા જૂથ દ્વારા વિસ્તારમાં સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. સમગ્ર અભિયાનમાં વિસ્તારના લોકોને આ ઝુંબેશમાં જોડી અભિયાનને સફળ બનાવ્યું હતું.

આજે આ વિસ્તારમાં મારી આગવી ઓળખ છે. સંગઠનના સભ્યો મને પ્રમુખ તરીકે સ્વીકારે છે તેમ જ દરેક કાર્યમાં સભ્યો મારી નિર્ણાયક ક્ષમતાથી પ્રોત્સાહિત છે અને દરેક કાર્યમાં સાથ સહકાર આપે છે. સવારે હું અભ્યાસ કરું છું, તેમ જ બાકીના સમયમાં મારા વ્યવસાયને ન્યાય આપું છું. સાંજે સમાજની પરિસ્થિતિમાં બદલાવ લાવવા અને વિકાસ કરવા શ્રી જય ગણેશ મિત્ર મંડળ સાથે બેઠક કરી વિસ્તારના પ્રશ્નોને સમજી તેમાં આગળ વધવા પ્રયત્ન કરુ છું.

## ભાવિ રણનીતી

### અમદાવાદ શહેરી જનસંગઠન પ્રેરક સમિતી

અમદાવાદના અનેક વંચિત અને છેવાડાના વિસ્તારોમાં લોકજૂથો, યુવાજૂથો, મહિલાજૂથો અને કિશોરજૂથોની સ્થાપના થઈ છે. આ જૂથોના સભ્યોની એક પ્રેરક સમિતીનું નિર્માણ થયું છે. પ્રેરક સમિતીના સભ્યો અમદાવાદ શહેરી જનસંગઠનના વિચારને વિસ્તાર સ્તરે લોકો સુધી લઈ જશે. વધારે લોકો અમદાવાદ શહેરી જનસંગઠનના સભ્ય બની તેમના પોતાના વિકાસના ભાગીદાર બને તે માટે આ સમિતી પ્રેરકની ભૂમિકા ભજવશે.

### પ્રેરક સમિતી માટે તાલીમ કાર્યક્રમ

પ્રેરક સમિતીના સભ્યો અમદાવાદ શહેરી જનસંગઠનને લઈને પ્રેરકની ભૂમિકા વધારે સારી રીતે ભજવી શકે તે માટે એક સામાજિક જાગૃતિ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમમાં તાલીમાર્થીઓને કાયદાકીય તેમજ અન્ય માહિતી આપવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમનો હેતુ પ્રેરક સમિતીના સભ્યોની ક્ષમતા વધારવાનો છે, જેથી તેઓ લોકોના પ્રશ્નોને સમજી શકે તેમજ આ પ્રશ્નોનો ઉકેલ લાવી શકે.

### સભ્યો માટે માર્ગદર્શન કેન્દ્ર

અમદાવાદ શહેરી જનસંગઠનના સભ્યોને કાયદાકીય માર્ગદર્શન અને માહિતી મળી શકે તે માટે માર્ગદર્શન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. આ માર્ગદર્શન કેન્દ્ર વિવિધ સ્તરે નેટવર્કીંગ પણ કરશે જેનો સીધો લાભ અમદાવાદ શહેરી જનસંગઠનને મળી શકશે.

### સંઘઠનથી સંઘર્ષ તરફ: રહેઠાણ અધિકાર પ્રાપ્તિ માટે

રહેઠાણ એ દરેક વ્યક્તિનો પાયાનો અધિકાર છે. અમદાવાદની પરિસ્થિતિને જોતાં, છેલ્લા દસકામાં વિકાસના નામે શહેરની અનેક ઝૂંપડપટ્ટીઓને ખસેડી દેવામાં આવી છે અને તેના રહેવાસીઓને કોઈ વૈકલ્પિક રહેઠાણવ્યવસ્થા આપવામાં આવી નથી. આ પરિસ્થિતિ સામે અનેક વિસ્તારોના રહેવાસીઓને સંગઠિત થવાની હાકલ કરવામાં આવી, જે હાકલ સફળ રહી છે. અમદાવાદના અનેક ગરીબ અને વંચિત વિસ્તારોમાં રહેઠાણના અધિકારની પ્રાપ્તિ માટે સંગઠનની રચના થઈ છે અને અનેક ઘરોને તૂટતાં બચાવી શકાયાં છે. અને જે વિસ્તારોમાં ઝૂંપડપટ્ટીઓને તોડી નંખાઈ છે ત્યાં રહેવાસીઓને વૈકલ્પિક રહેઠાણ વ્યવસ્થા મળી શકી છે.



બાળકો દેશનું ભવિષ્ય છે. જે દેશનાં બાળકો સક્ષમ છે, તે દેશનું ભવિષ્ય ઉજ્જવળ છે. એટલે કે શિક્ષણ એ કોઈ પણ સમાજનું ભવિષ્ય છે. પ્રાથમિક શિક્ષણ એ બાળકનો મૂળભૂત અધિકાર છે. પરંતુ આ મૂળભૂત અધિકારનું હનન દરરોજ થઈ રહ્યું છે. શહેરના ગરીબ અને પછાત વિસ્તારનાં બાળકોના શિક્ષણની પરિસ્થિતિ ખૂબ જ અસહ્ય છે. એક તરફ આર્થિક કારણોસર ઘણાં બાળકોએ બાળમજૂરી કરતી પડતી હોવાથી તેઓ શાળાએ જઈ શકતાં નથી, તો બીજી તરફ, મોટા ભાગના બાળકોનાં માતા-પિતા નાણાંના અભાવે તેઓને સરકારી શાળાઓમાં મોકલે છે, જ્યાં બાળકોને વિનામૂલ્યે પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. પણ આ શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા એક મોટો પ્રશ્ન છે. મોટા ધોરણમાં ભણતાં બાળકોને પણ લખતાં, વાંચતા કે ગણિતના સામાન્ય દાખલા ગણતાં નથી આવડતું. ઘણી શાળાઓમાં શિક્ષકોનું વર્તન પણ આ બાળકો પ્રત્યે ખૂબ ખરાબ છે. આ કારણોસર અનેક બાળકોને શાળા છોડવાની ફરજ પડે છે.



આ સમસ્યાનું નિરાકરણ શું છે? શું બાળકો પોતે આ સમસ્યાનું નિરાકરણ લાવી શકે? શું એવા પ્રકારની કોઈ વ્યવસ્થાનું નિર્માણ થઈ શકે જે બાળકોને ભણવા માટેનું હકારાત્મક વાતાવરણ પૂરું પાડે તેમજ તેમને વિકાસ તરફ લઈ જાય? આ વિચારના અમલીકરણ સ્વરૂપે શહેરના ગરીબ અને પછાત વિસ્તારોનાં બાળકોમાંથી ૧૨થી ૧૮ વર્ષના કિશોર બાળકોના કિશોર જૂથોની રચના કરવામાં આવેલી છે. આ એ બાળકો છે, જેઓ બાળનેતાની ભૂમિકા ભજવી બાળસમાજને સશક્તિકરણ તરફ લઈ જઈ શકે છે. આ કિશોરોનું પોતાનું ક્ષમતાવર્ધન પણ એટલું જ અગત્યનું છે.

કિશોરજૂથોની રચનાનો આધાર એ 'બાળક દ્વારા બાળકને (ચાઈલ્ડ ટુ ચાઈલ્ડ)' નો ખ્યાલ છે. જ્યારે બાળક દ્વારા બાળકને કશું કહેવામાં કે શીખવાડવામાં આવે છે, ત્યારે બાળકો ઉપર તેની અસર વધારે થાય છે. વળી શીખવાડનારાં બાળકો શીખનારાં બાળકોની મુશ્કેલીઓને વધારે સરળતાથી સમજી શકે છે. શીખવાડનારાં બાળકોની પોતાની ક્ષમતાનો વિસ્તાર આ પદ્ધતિથી થાય છે. શિક્ષણની પરિસ્થિતિના સંદર્ભમાં જોતાં, ભારત જેવા દેશમાં જ્યાં બાળકોની સરખામણીમાં શિક્ષકોની સંખ્યા ઓછી છે, ત્યાં મોટાં કે વધારે હોશિયાર બાળકો જો નાનાં બાળકોને ભણાવે તો શિક્ષણની પરિસ્થિતિ બદલી શકાય તેમછે.

અભ્યાસ દર્શાવે છે કે શહેરના પછાત અને વંચિત વિસ્તારોમાં આગળનાં ધોરણમાં ભણતાં હોવા છતાં ઘણાં બાળકોને વાંચતાં કે લખતાં નથી આવડતું. આ પરિસ્થિતિને બદલવા માટે આ વિસ્તારોમાં ત્રણ મહિના માટે વાગલે (વાચન, ગણન, લેખન) મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. સર્વે દ્વારા જે બાળકો લખી, વાંચી અને ગણી શકે છે તેમજ જે બાળકો આ નથી કરી શકતાં તેની યાદી બનાવવામાં આવી. તેના મુજબ જે બાળકો લખી, વાંચી અને ગણી શકે છે તેઓની સાથે જે બાળકો આ નથી કરી શકતાં તેવાં બાળકોનાં જૂથો રાખવામાં આવ્યા છે. શીખવાડનારા બાળકોને 'ટીનટીનીયા'ના નામથી ઓળખવામાં આવે છે. આ ટીનટીનીયાં તેમની સાથેનાં જૂથોનાં બાળકોને આ પાયાની વાંચન, ગણન, લેખનની તાલીમ આપે છે. આ ટીનટીનીયાઓને ભણાવવાની તાલીમ આપવાની સાથે સાથે તેઓનું પોતાનું ભણતર ન બગડે તે માટે શૈક્ષણિક વર્ગોમાં તેમને ભણાવવામાં આવે છે.

વાગલેની સફળતા આ વિસ્તારોમાં દેખાય છે. બાળનેતાઓએ પ્રક્રિયાના દરેક તબક્કે નોંધનીય કાર્યફાળો આપ્યો છે. વાગલેની જાણકારી અન્ય વિસ્તારોમાં ફેલાવવાની સાથે સાથે વધારે બાળકોને આ મહોત્સવમાં જોડવા તેમજ તે માટેની વ્યવસ્થા ઊભી કરવામાં ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ મહોત્સવમાં બાળકોનો તો હકારાત્મક પ્રતિસાદ છે, પણ સાથે સાથે આ બાળનેતાઓએ વાલીઓમાં પણ શિક્ષણ અંગે જાગૃતિ ઊભી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. બાળનેતાઓએ વાલીઓને ભણાવવા માટે જગ્યા આપવા તથા લાઈટની વ્યવસ્થા આપવા માટે રાજી કર્યાં છે. પ્રસ્તુત વિસ્તારોમાં શિક્ષણ માટેનું એક હકારાત્મક

વાતાવરણ ઊભું કરી શક્યા છીએ.

આ બાળનેતાઓ સમાજને ચોક્કસપણે ઉજ્જવળ ભવિષ્ય તરફ લઈ જઈ શકે તેમછે. આ માટે તેમને જરૂર છે યોગ્ય મંચની, જે તેઓના પોતાના ક્ષમતાવર્ધન માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડે. તેમજ બાળનેતાઓ તરીકે સમાજવિકાસ માટેની ભૂમિકા ભજવવા માટેની તક આપે. આ મંચ છે અમદાવાદ શહેરી જનસંગઠન. ઈવસ્તારના કિશોરજૂથોના સભ્યો તેમજ બીજા બાળનેતાઓ અમદાવાદ સ્તરે કિશોરમંડળની રચના કરશે જે અમદાવાદ શહેરી જન સંગઠનની એક પાંખ બનશે.

**બાળશિક્ષક પીન્કી**



અમદાવાદની પૂર્વમાં આવેલા સરસપુર વિસ્તારની જાલમપુરીની ચાલ એટલે અમદાવાદનો કોમી સંવેદનશીલ વિસ્તાર. હિંદુ તેમજ મુસ્લિમ વસતી ત્યાં છે. આ વિસ્તારમાં સંસ્થા દ્વારા સર્જનાત્મક શિક્ષણના વર્ગો ચાલે છે, જ્યાં બાળકોને નવીન પદ્ધતિઓથી પૂરક શિક્ષણ આપવામાં આવે છે. સંસ્થાનો વાગલે (વાંચન, ગણન, લેખન)નો કાર્યક્રમ અહીં ચાલે છે. વાગલે કાર્યક્રમમાં માં ૧૨થી ૧૯ વર્ષના બાળકો- 'ટીનટીનીયા' જે બાળકોને વાંચન, ગણન, લેખન નથી આવડતું તેમને આ પ્રાથમિક શિક્ષણ આપે છે. આ વિસ્તારની એક બાળનેતા એટલે પીન્કી. તે તેના વિસ્તાર અને વાગલેના વર્ગ વિશે વાત કરે છે...

અમદાવાદનો ભરચક અને સંવેદનશીલ વિસ્તાર ગણી શકાય એવો મારો વિસ્તાર જાલમપુરીની ચાલ. મારે ત્યાં દરેક જાતિના લોકો રહે છે. મને મારી ચાલી ખૂબ જ પસંદ છે, કારણ કે મારા બાળમિત્રો, સહેલીઓ બધાં મારી સાથે છે. સવારે ૯ વાગ્યે અમારી ચાલી બાળકોનાં કોલાહલથી ગૂંજી ઊઠે છે. કોઈને નહાવું નથી હોતું, તો કોઈને શાળામાં જવું નથી હોતું, ને કોઈ એક રૂપિયા માટે રડતું જણાય છે. પરંતુ આ કોલાહલ મને ગમે છે.

હું ધોરણ ૬માં સરકારી શાળામાં અભ્યાસ કરું છું. મને વહેલા ઊઠવું ખૂબ જ પસંદ છે. તેમજ સારા કપડાં અને મહેંદી મૂકવાનો પણ શોખ છે. શાળામાં પણ બધાની વચ્ચે ઊભા થઈ કવિતા ગાવાનો, દાખલા ગણવાનો પણ એક પ્રકારનો આનંદ છે. મારા કુટુંબની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી હું સરકારી શાળામાં જઉં છું, અને ઘરકામમાં મદદ કરું છું.

એક દિવસ સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટીના સર્જનાત્મક શિક્ષણના વર્ગના શિક્ષકે મને વાગલે વર્ગમાં બાળકોને વાંચન, ગણન અને લેખન શીખવાડવાનું કહ્યું. મારા કુટુંબના સભ્યોએ મને આ કરવા માટે મંજૂરી આપી. રોજ સવારે ૯ વાગ્યે હું ૩૦ નાનાં ભૂલકાઓને ભણાવું છું. તેમની હાજરી પૂરું છું, તેઓને વાંચતાં, ગણતાં અને લખતાં શીખવાડું છું. તેમને કવિતા-બાળગીતો ગવડાવું છું.

બાળકોને ભણાવતાં કોઈ મસ્તી કરે તો તેને મારું પણ છું, પણ પછી મને રડવું આવી જાય છે. કોઈ પણ બાળક રડતું ક્લાસમાં આવે તો મારી આંખમાં પણ ઝળઝળિયાં આવી જાય છે. મને દરેક બાળક ટીચર કહીને બોલાવે છે. હું શાળામાં જઉં છું તો ત્યાં પણ જ્યારે ઘણાં બાળકો ટીચર કહીને બોલાવે ત્યારે શાળાના આચાર્ય પણ અચંબામાં પડી જાય છે. મારા કુટુંબના સભ્યો અને આજુબાજુના લોકો મને બાળકીના રૂપે નહિ પણ શિક્ષિકાના રૂપમાં જુએ છે.

વાગલે વર્ગોમાં શિક્ષકની ભૂમિકા ભજવવાથી મારામાં આત્મવિશ્વાસ વધ્યો છે. મને કંઈક આવડે છે તેવું પહેલી વખત લાગે છે. સંસ્થા દ્વારા મને ભણાવવાની જે તક મળી છે, તે અકલ્પનીય છે.

**શાંતિ**

ન્યાય, શાંતિ અને
કોમી એખલાસ
માટેની પહેલ

૩૦મી જાન્યુઆરી ૧૯૯૯

**શાંતિ માટે સંગઠન**

અમદાવાદ શહેરી
જનસંગઠન

૩૦મી જાન્યુઆરી ૨૦૧૦

# અમદાવાદ શહેરી જનસંગઠનના ઘટકો



મહિલા પરિષદ



યુવા પરિષદ






કિશોર મંડળ



લોકજૂથ રક્ષક સમિતિ

# દ્રષ્ટિકોણના વાચકોનો

# દ્રષ્ટિકોણ




**BOOK POST**

Email :
Website :